Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal Jan 2020, Year - 6 (81)
www.researchreviewonline.com Paper ID : RRJ000084

# કવિ સુરેશ જોષીનુ સાહિત્ય સર્જન

સંશોધક
ડો. ક્રિષ્ના કે. સાંડપા
મદદનિષ પ્રાધ્યાપક
ગુજરાતી વિભાગ
ડી. એન. પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

---

સાતમાં દાયકામાં જેમની સાચી ઓળખ આપતી ગુજરાતી કવિતા પ્રગટ થઈ તે સુરેશ જોશીએ ૧૯૫૬માં 'ઉપજાતિ' કાવ્યસંગ્રહ આપ્યો હતો. તેમાં આધુનિક યુગચેતનાનો પૂર્વરંગ અલ્પપ્રમાણમાં પણ ઊઘડવો શરૂ થઈ ગયો હતો. 'ઉપજાતિ' કાવ્યસંગ્રહની વિશેષતા એ છે કે તેની બધી રચનાઓ ઉપજાતિ છંદમાં જ રચાયેલી હતી. આ સંગ્રહમાં પાત્રીસ પદ્યરચનાઓનો સમાવેશ કરેલો જોવા મળે છે. જેને કવિ બીજા કાવ્યસંગ્રહ 'પ્રત્યંચા'ના પ્રગટીકરણ વખતે રદ જાહેર કરે છે.

આધુનિક યુગની નવી પ્રતીક કવિતા, નગરજીવન પ્રત્યેની ધૃણા નિર્માનવીકરણ'સ્વ'ની શોધ, વ્યક્તિત્વની વિચ્છિન્નતા, આત્મવિડંબના, વ્યર્થતા, હતાશા, લાચારી ઈ. ભાવોને લઈને ભાષાની, કલ્પનની અભિવ્યક્તિની નૂતનતા તેમની કવિતામાં આવે છે. માનવી પળેપળ મૂંઝવણ અનુભવી રહ્યો છે. જીવનની વિચ્છિન્નતા એને અકળાવી રહી છે. આથી જીવન–મૃત્યુની ભીષણ વેદના તેમની કાવ્યરચનાનો વિષય બને છે.

'અમારું ઘર' કાવ્યમાંથી એક અવતરણ લઈએ :

***"પેલે ખૂણે દેખાય છે, અંધારામાં તમને કશું ?
અંધારાના કો પિંડ શું ?
હા, એ જ છું હું –
(હું ? અરે શાને કહું કે એ જ છું હું ?
કાતિલ ઠંડીમાં પડ્યું ઢગલો થઈ કૂતરું,
માલિક જેનું કોઈ ના એવું પડ્યું કો' પોટલું.)"***

પ્રત્યંચાનું બીજું નોંધપાત્ર કાવ્ય છે. 'હું' – તેમાં ઈશ્વરને વિશે નિભ્રાઁત નાયક પોતે કહે છે–

***"અંધારાની રણ રેતમાં
મૃત ચન્દ્રકેરા પ્રેત શો ભમતો ફરું."***

'પ્રત્યંચા' કાવ્યસંગ્રહની રચનાઓ 'સવાર', 'પાંખડી', 'ગીષ્મ બપોર', 'રોજ રાત', 'ત્રિજ્યા', 'હું', ' સૂર્યા', 'મૃણાલ કાવ્યો'.... વગેરે સર્જકની સર્જનપ્રતિભાની ગુણવત્તા પ્રગટ કરે છે. આથી ઉશનસ્ યોગ્ય જ કહે છે કે, ''નવીન કવિતાનો નકશો સમજવા 'ઉપજાતિ' અને 'પ્રત્યંચા'ની સામગ્રી ઉપયોગી નીવડશે એમાં શંકા નથી.'' ૧

પ્રત્યંચા બાદ બાર વરસે અઢાર રચનાઓનો સંગ્રહ 'ઈતરા' (૧૯૭૩)માં પ્રગટ થાય છે. કવિએ પ્રથમ રચનામાં જ આનંદ ઉલ્લાસ અને દુઃખ નિશ્વાસનું દ્વિવિધ ભાવવિશ્વ રચી આપ્યું છે. તો મૃણાલ વિષયક અંતિમ રચનામાં થયેલા બળકટ પ્રયોગો, સંનિષ્ઠ સાહસ અને સંકુલ ચિંતન ધ્યાનાકર્ષક રહ્યા છે. આ

કાવ્યસંગ્રહની સમગ્ર રચનાઓમાં નગરસંસ્કૃતિનો પડઘો સંભળાય છે. 'શહેરની ગલીઓમાં', 'હું તને આપું છું એકાન્ત','અમાસના અંધકાર શી' અને 'આજે હું તારા અન્ધકાર' જેવી રચનાઓમાં આધુનિકતાનું દર્શન થાય છે.

'તથાપિ' કાવ્યસંગ્રહ ૧૯૮૦માં પ્રગટ થયેલો કવિની દીર્ઘકવિતાઓનો સંચય છે. આ સંગ્રહમાં 'પાંચ અંકનું નાટક', 'થાક', 'ડુમ્મસ : સમુદ્રદર્શન', 'કહે પ્રિય', 'સૂર્યની ઝંખના' વગેરે... કાવ્યો જોવા મળે છે.

## સુરેશ જોષીની નવલિકાઓ :

સુરેશ જોષીએ ટૂંકીવાર્તાની નવી વિભાવના આપી એને નિજાનંદની લીલા કહી, ઘટનાતત્ત્વનો લોપ અને તિરોધાનની હિમાયત કરી. ''અ બ્સર્ડિટી' અને ''ફેન્ટસી''ના ચેતનાપ્રવાહનો પુરસ્કાર કર્યો. ટૂંકીવાર્તાના પાંચ સંગ્રહો સુરેશભાઈએ આપ્યા છે. જેમાં'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક', 'અપિ ચ', 'ન તત્ર સૂર્યો ભાતિ' અને 'એકદા નૈમિષારણ્યે' વગેરે વાર્તાસંગ્રહ મળે છે. તેમની બાસઠ વાર્તાઓમાં કલાત્મક યુક્તિ–પ્રયુક્તિની દષ્ટિએ'ગૃહપ્રવેશ', 'જન્મોત્સવ', 'નળ દમયંતી'... વગેરે. વિશેષ જાણીતી વાર્તાઓ છે. પુરાકલ્પન દ્વારા તેઓ વાર્તાનું નવું જ કલેવર સર્જે છે. આ દષ્ટિએ તેમની 'વામનાવતાર','વરાહાવતાર', ' નર–વાનરકથા' અને 'લોહનગર'– ઉત્તમ વાર્તાઓ છે. 'રાક્ષસ' એક પુરાણીકથા 'પ્રત્યાખ્યાન'.... વગેરે.. વાર્તાઓમાં પરિકથાસૃષ્ટિ દ્વારા આંતરમનનાં સંચલનો આલેખ્યાં છે. આમ, વાર્તામાં નવા જ વિષયને આલેખનાર સુરેશ જોષી છે.

## નવલકથાકાર સુરેશ જોષી :

કવિતા અને ટૂંકીવાર્તાની જેમ નવલકથાસ્વરૂપમાં પણ સુરેશભાઈએ નવીન પરિવર્તનો, નવા પ્રયોગો કરી બતાવ્યા છે. ૧૯૬૯માં 'છિન્નપત્ર' પ્રગટ થઈ અને ૧૯૭૩માં 'મરણોત્તર'નું પ્રકાશન થયું. ૧૯૮૧માં ' કથાચતુષ્ટય' પ્રગટ થયું તેમાં 'વિદુલા', 'કથાચક્ર', 'છિન્નપત્ર' ને 'મરણોત્તર' એકસાથે સ્થાન પામી છે. ' છિન્નપત્ર'ને તેમણે 'લખવા ધારેલી નવલકથાઓ મુસદ્દો' એમ કહીને ઓળખાવી છે.

'છિન્નપત્ર' પચાસેક પાન તથા પરિશિષ્ટ મળીને રચાયેલી એક નવલકથા છે. ઘટનાજગતથી પરિચિત આપણે સૌ એમાં શું બને છે, સમજાય એવી ઘટના કઈ છે એવું વિચારીએ તેનો ઉત્તર આટલો જ છે. કથાનાં બે પાત્રો માલા અને અજયની આસપાસ વાર્તા રચાઈ છે. લીલા નામનું એક ત્રીજું પાત્ર પણ આવે છે. કથામાં ફલ શબેક ટેક્નિક અપનાવાઈ છે. એક ધક્કા સાથે ટ્રેન ઉપડે છે. માલાના ખોળામાં અજયની નોંધપોથી પડી છે જેમાં 'વહી ગયેલાં વર્ષોની સ્મૃતિનો ભાર' તોળાય છે. એ પાનાં–પત્રો તે આ 'છિન્નપત્ર'. ભૌગોલિક કે ક્રમિક ઘટનામાળખું ઉપયોગમાં ન લેતાં મનોવૈજ્ઞાનિકતાનો આશ્રય લઈને લેખકે પાત્ર અને કલાજગતનું આંતરવાસ્તવ પ્રગટ કરવાનો પુરુષાર્થ કર્યો છે. નોંધપોથીના પ્રત્યેક પાને ઉપસ્થિત માલાનું વ્યક્તિત્વ એની ચેતનાનાં વિવિધ પ્રતિબિંબો રૂપે કથામાં પ્રગટતું રહે છે. કણ કણ થઈને ઘેરાઈ જવાના સ્વભાવવાળી માલાના વ્યક્તિત્વને પોતાના પ્રભાવના વજનથી અજય બાંધી નથી દેતો, દબાવી નથી દેતો.

પરંપરાગત નવલકથામાં આવતાં નાયક–નાયિકા તેઓ નથી. માલાનું મૌન, અજયની વેદના એને ' પ્રેમ'ની સંજ્ઞા આપવા કરતાં ડો. સુમન શાહ કહે છે. તેમ એને 'પ્રેમનું મેટાફિઝિકસ' કહી શકાય. 'જાતને વિખેરી દઈને જાતને પામી શકાય?' આ માલાના જીવનનો પ્રશ્ન છે. પાત્રોના માનસિક સંબંધો આપણા

સમાજના પરંપરાગત શારીરિક સંબંધોથી પેલી પારના છે. નવલકથામાં શૂન્યતા અને એકલતાનું વર્ણન સર્જકે કર્યું છે.

## નિબંધકાર સુરેશ જોષી :

કવિતા, ટૂંકીવાર્તા અને નવલકથામાં સતત પ્રયોગશીલ રહેતા સુરેશ જોશીએ ગુજરાતી નિબંધને વધુ સર્જનાત્મક બનાવ્યો છે. ૧૯૫૧માં 'ગોષ્ઠિ'ના પ્રકાશન વેળા ''આપણી ભાષાઓમાં સર્જક નિબંધ એક સ્વતંત્ર સાહિત્ય પ્રકાર તરીકે હજી પૂરો પાંગર્યો નથી.'' એમ કહીને ઉમાશંકર જોશીએ કાકાસાહેબના નિબંધો તેમજ વિનોદિની નીલકંઠના 'નિજાનંદ'માંના લેખોવિશે આશા આપી હતી. 'જનાન્તિકે' એવું જ અર્થસૂચક શીર્ષક છે. જનાન્તિકેકર્ણમૂલે એમ નિર્દેશ કરી, એકાંતમાં આત્મીય ભાવે અંતરની વાત કહેવી એ બાબત, ' ગોષ્ઠિ'અને 'જનાન્તિકે' શીર્ષકના સર્જકકર્તાઓની નિબંધ સંગ્રહના નામકરણ પાછળની દીર્ઘદષ્ટિનો સુખદ અનુભવ કરાવે છે.

'જનાન્તિકે'ના નિબંધોમાં સર્જકની કલમ વિવિધ વિષયોમાં લીલયા વિહરે છે. વિશેષ કરીને પ્રકૃત્તિ એમની સર્જનસૃષ્ટિમાં સૌ પ્રથમ આવે છે. કોઈ પણ વિદ્યામાં સાહિત્યસ્વરૂપમાં પ્રકૃત્તિ પ્રત્યેનો તેમનો અનુરાગ છૂટતો નથી. પ્રકૃતિને કેવી વિધવિધ છટાથી આલેખી છે તે પણ અભ્યાસીઓ માટે એક મહત્વનો મુદ્દો બની રહે તેમ છે. પ્રકૃત્તિ ઉપરાંત માનવી, ઈશ્વર, સાંપ્રત પરિસ્થિતિઓ, સાહિત્યવિષયક વિચારણા વગેરે એમના નિબંધોમાં કોઈ પણ રીતે 'વજનદાર' બની ગયા વગર લીલયા નિરૂપણ પામે છે. ભાષાનું તેમનું ઓજાર એકદમ સાફ સૂથરું હોય છે. સંસ્કૃત, અંગ્રેજી, બંગાળી વગેરે દેશી તેમજ વિદેશી ભાષાઓ તેમજ સાહિત્યનું ઊંડું પરિશીલન એમની સહાયમાં આવે છે અને અભિવ્યક્તિનું લાલિત્ય પ્રગટ કરીને જ રહે છે. એ નિબંધોમાં સર્જકના વ્યક્તિત્વનો સચેતન સ્પર્શ સતત અનુભવાય છે.

'ગ્રિષ્મમાં મોગરા અને શિરીષની અત્યુક્તિ હવામાં સંભળાયા કરે છે. પછી ચૈત્ર તરફથી વૈશાખ તરફ ઢળતાં આ અત્યુક્તિનો ઘેરો રંગ ગુલમોરમાં ઘૂંટાઈને લાલચટ્ટક બનશે. વર્ષામાં થનારા પૃથ્વી અને આકાશનાં ગાઢ પરિભ્રમણની કુંકુમપત્રિકા ગુલમોરની લિપિમાં લખાઈ જશે. શીમળાનાં ફૂલની રતાશ પણ એવી પ્રગલ્ભ છે. પણ શીમળો રેશમ જેવા રૂની સાથે પોતાનાં સ્વપ્નને જાણે ઉડાવે છે.'' (ગ્રીષ્મ) [૨]

કલ્પનપ્રચુર કાવ્યમય રીતિ, પ્રકૃત્તિનાં ભિન્ન–ભિન્ન રૂપોનું આલેખન, લલિત–આછું ચિંતન, ઈન્દ્રિયસંવેદ્ય નાજુક સર્જકતા અને ચેતન – અવચેતન મન પર ચાલતો સર્જક કવિનો યદચ્છાવિહાર તેમના નિબંધોમાં હંમેશા અનુભવાય છે. એમના નિબંધોમાં વિહાર કરવો એટલે નિર્વ્યાજ આનંદયાત્રાનો અનુભવ કરવો એમ કહી શકાય.

## નવ્ય વિવેચક :

ડો. સુરેશ જોશી સીમાસ્તંભરૂપ વિવેચક છે. તેમણે ''કિંચિત'', ''ગુજરાતી કવિતાનો આસ્વાદ'', '' કાવ્યચર્ચા'', ''શ્રણ્વન્તુ'', ''અરણ્યરૂદન'', ''ચિંતયામીમનસા'' અને''અષ્મોધ્યાય'' વગેરે વિવેચન સંગ્રહો અને ''મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કાવ્યધારાની ભૂમિકા'' (મહાનિબંધ), ''નવોન્મેષ'', નરહરીની 'જ્ઞાનગીતા', ' ગુજરાતી સર્જનાત્મક ગદ્ય : એક સંકલન' અને 'વસ્તાનાં પદો' જેવા સંશોધન સંપાદન આપ્યાં છે. તેમણે ' વાણી', 'મનિષા' અને 'ક્ષિતિજ' જેવાં સામયિકો દ્વારા આધુનિક સાહિત્યની આબોહવા સર્જી. નવી વિચારધારા રજૂ કરી સ્થાપિત પરંપરાઓને પડકારી છે. ગુજરાતીમાં અસ્તિત્વવાદ, પ્રતીકવાદ, એબ્સર્ડિટી, ફેન્ટસી....

વગેરે કલાત્મક વાદો રૂપવાદ અને આકારવાદ લઈ આવ્યાં. તેમણે કૃતિનિષ્ટ વિવેચનની પ્રતિષ્ઠા કરી. ગુજરાતી સાહિત્યને અને વિવેચનને વિશ્વસ્તરે ઊંચકયું, એ નવ્ય વિવેચનના જનક ગણાયા. આધુનિકતાના આવિષ્કારક કહેવાયા. તેમણે ગુજરાતીને આધુનિક કવિતા, ટૂંકીવાર્તા, લઘુનવલ અને લલિત–નિબંધ તથા નવ્યવિવેચનનાં સ્વરૂપો આપ્યાં.

તેમણે દેશ–વિદેશના સર્જનાત્મક તેમજ વિવેચનાત્મક સાહિત્યના અભ્યાસમૂલક અનુવાદો પણ આપ્યાં છે. એક પત્રકાર તરીકે 'ક્ષિતિજ', 'ઊહાપોહ', 'એતદ્', 'સેતુ' વગેરે સામયિકો દ્વારા સાહિત્યિક પત્રકારત્વનો તેમણે વિકાસ કર્યો. ગુજરાતી સાહિત્યની નવી ક્ષિતિજો તેઓ આંકે છે. ગુજરાતના સાહિત્ય અને જીવનચિંતનને તેઓ વિશ્વસ્તરે પહોંચાડે છે. શિરીષ પંચાલ આ યુગપ્રવર્તક સર્જકના સંદર્ભમાં કહે છે કે–

''સુરેશ જોષીનું આગમન ગુજરાતી સાહિત્યમાં એક મહત્ત્વની ઘટના પુરવાર થઈ. આ ઘટના માત્ર ઐતિહાસિક પુરવાર થઈ હોત તો તો એ બહું જલદીથી ભૂલાઈ જાત પરંતુ એમના દ્વારા ગુજરાતી સાહિત્યને જે ઘાટ અને દિશા પ્રાપ્ત થયાં તેને કારણે તેમનું અર્પણ ગુજરાતી સાહિત્યના આગામી વર્ષોમાં પણ વિશિષ્ટ લેખાશે.'' [૩]

### ❖ પાદટીપ ❖

૧. 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ', ડા . રમેશ ત્રિવેદી, પૃ.૨૯૮
૨. એજન, પૃ.૩૦૧
૩. એજન, પૃ.૨૯૬